જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૭/૧૦/૨૦૧૮ શનિવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં
આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :- સમાચાર યાદી નં.૨૦૯૯/૧૮

## ઘરફોડ ચોરી તથા વાહનચોરી કરનાર આરોપીને સોનાના દાગીના, રોકડ રકમ, મોબાઈલ ફોનો તથા ચોરીના એક્ટીવા મળી કુલ કિં.રૂ.૬૬,૯૦૦/- ના મુદ્દામાલ સાથે પકડી પાડતી અમદાવાદ શહેર ક્રાઇમ બ્રાંચ.

અમદાવાદ શહેરમાં છેલ્લા ઘણા સમયથી દિવસ/રાત્રિના સમયે બંધ મકાનોમાં ઘરફોડ ચોરીઓ તથા વાહનચોરીઓનો ઉપદ્રવ વધી ગયેલ હોય અને આવા ઘરફોડ/વાહનચોરીના ગુનાઓનો ભેદ વણ ઉકેલાયેલ હોય અને આરોપીઓ પોલીસ પકડથી દુર હોય જેથી આ વણ શોધાયેલ ઘરફોડ/વાહન ચોરીના ગુનાઓનો ભેદ ઉકેલવા સારૂ ખાસ પોલીસ કમિશ્નરશ્રી જે.કે.ભટ્ટ તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી દીપન ભદ્રન ક્રાઇમબ્રાંચ નાઓએ સુચના આપેલ હોય જે અનુસંધાને મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી બી.વી.ગોહિલ નાઓના માર્ગદર્શન હેઠળ ઓટોરીક્ષા પેસેન્જર ચોરી/લુંટ અને ગ્લાસ બ્રેકીંગ થેફ્ટ સ્કોડના પો.ઇન્સ. શ્રી આર.એસ.સુવેરા નાઓના સ્કોડના પો.સ.ઇ.શ્રી વાય.એમ.ગોહીલ, પો.સ.ઇ.શ્રી વાય.જી.ગુર્જર તથા પો.સ.ઈ.શ્રી આર.જે.ચૌધરી નાઓ સ્કોડના માણસો સાથે તા.૨૫/૧૦/૨૦૧૮ ના રોજ પેટ્રોલીંગમાં હતા દરમ્યાન સ્ટાફના એ.એસ.આઈ. વિજ્યસિંહ ઈશ્વરસિંહ તથા પો.કો. નરેન્દ્રસિંહ શિવઅધારસિંહ નાઓને ખાનગી રાહે મળેલ ચોકકસ બાતમી હકીકત આધારે એક આરોપી નાનુભાઈ દેવાભાઈ ચારોલા (સેનમા) ઉ.વ.૩૧ રહેવાસી જનતાનગરના છાપરા, રેલ્વે ફાટક પાસે, સોલા, અમદાવાદ શહેર મુ.ગામ ચારોલાવાસ, ચમારવાસની બાજુમાં, ગામ વંથલ, તા.વિરમગામ, જિ.અમદાવાદ નાઓને સોલા બ્રિજ નીચેથી પકડી પાડી તેની પાસેથી ચોરીનો મુદ્દામાલ (૧) રોકડા રુપિયા ૬૯૦૦/- (૨) હોન્ડા એક્ટીવા કિં.રૂ.૨૦,૦૦૦/- (૩) સોનાની ચેઈન કિં.રૂ.૧૫૦૦૦/- (૪) વીવો મોબાઈલ કિં.રૂ.૨૦,૦૦૦/- (૫) ટેકનો મોબાઈલ કિં.રૂ.૫,૦૦૦/- મળી કુલ કિં.રૂ.૬૬,૯૦૦/- નો મુદ્દામાલ રિકવર કરેલ છે.

### પકડાયેલ આરોપીનો ગુનાહિત પુર્વ ઇતિહાસ

પકડાયેલ આરોપી અગાઉ લખતર પોલીસ સ્ટેશનમાં છેડતીના ગુનામાં પકડાઈ ચુકેલ છે.

પકડાયેલ આરોપીની પુછપરછ તપાસ દરમ્યાન તેણે ઘરફોડ ચોરી તથા વાહનચોરીના એમ કુલ- ૨ ગુનાઓની કબુલાત કરેલ છે.

(૧) આજથી આશરે દશેક દિવસ અગાઉ વહેલી સવારના ઘાટલોડીયા પોલીસ લાઈનના મકાનમાં પ્રવેશ કરી મકાનમાંથી ત્રણ મોબાઈલ ફોન તથા રોકડ રકમ તથા સોનાના દાગીનાની ચોરી કરેલ તેમજ અન્ય મકાનમાંથી પણ ચોરીની કોશિશ કરેલ. જે અંગે સોલા પોલીસ સ્ટેશન ખાતે ફ.ગુ.ર.નં. ૨૯૬/૨૦૧૮ ઇપીકો કલમ ૪૫૭,૩૮૦,૫૧૧ મુજબનો ગુનો શોધાયેલ છે.

(૨) સને ૨૦૧૩ માં કાલુપુર લક્ષ્મી એવન્યુ હોટલના પાર્કીંગમાંથી હોન્ડા એક્ટીવાની ચોરી કરેલ. જે અંગે કાલુપુર પોલીસ સ્ટેશન ખાતે ફ.ગુ.ર.નં.૧૦૪/૨૦૧૩ ઇપીકો કલમ ૩૭૯ મુજબનો ગુનો શોધાયેલ છે.

આ સિવાય સદરી આરોપીએ છેલ્લા છ એક માસમાં અમદાવાદ શહેર તથા વિરમગામની આજુબાના ગામડાઓમાંથી પૈસા, મોબાઈલ ફોનો વિગેરે કિમતી ચીજવસ્તુઓની ચોરીઓ કરેલ હોવાની કબુલાત કરેલ છે.

# કુલ્લે ૭(સાત) વાહનો કિ.રૂ.૧,૬૦,૦૦૦/- ના મુદામાલ સાથે ૧(એક) રીઢા આરોપીની ધરપકડ કરતી વટવા પોલીસ

અમદાવાદ શહેર પોલીસ કમીશ્નરશ્રી એ.કે.સિંઘ સાહેબનાઓની સુચનાથી અધિક પોલીસ કમિશ્નર સેકટર-૨ શ્રી અશોક કુમાર યાદવ સાહેબ તથા નાયબ પો.કમી.ઝોન ૬ શ્રી સૌરભ તોંલબીયા સાહેબ તથા મ.પો.કમી."જે" ડિવીઝન શ્રી વી.જે.રાઠોડ સાહેબનાઓની સુચના તથા સીધા માર્ગદર્શન હેઠળ વટવા પોલીસ સ્ટેશન પોલીસ ઈન્સપેક્ટર એચ.વી.સીસારા સાહેબનાઓએ વટવા પોલીસ સ્ટેશન વિસ્તારમા મિલ્કત સંબંધી તથા અન્ય ગુનાઓ શોધવા માટે સર્વેલંસ સ્કોડના માણસોને આપેલ સુચના મુજબ સર્વેલંસ સ્કોડના માણસો ટીમ સાથે પેટ્રોલીંગમા હતા દરમ્યાન વટવા કુશાભાઉ ઠાકરે નગર સામે અંબિકા બ્રિજ તરફ જતા રોડ ઉપર આવતા સર્વેલંસ સ્કોડના ***પો.કો. ઈમરાનખાન ઈમામખાન બ.નં. ૬૨૨૧*** નાઓની ચોક્કસ બાતમી હકિકત આધારે એક ઈસમ પોતાના કબજામાં એક એક્ટીવા કોઇ જગ્યાએથી ચોરી અગર છળકપટથી મેળવેલ છે તે ઈસમ દુર્ગાનગર તરફથી આવી અત્રે થઇ પસાર થનાર છે વિગેરે મતલબની હકિકત આધારે યુસુબ સ/ઓ હબીબભાઇ ઉર્ફે રાજુ અબ્દુલભાઇ મુસાણી (મીયાણા-મુસ્લીમ) ઉ.વ. ૨૨ રહે. અહેમદ હુસૈનની ચાલી યુનિયન બેંકની સામે દુધેશ્વર પાણીની ટાંકી પાસે માધુપૂરા અમદાવાદ મુળ વતન : ગામ.મળીયા-મિયાણા જી.મોરબી નાનો મળી આવેલ જે ચલાવી લઇ આવેલ એક્ટીવાનો નબર જોતા GJ 27 CH 1177 નો લખેલ છે જે એક્ટીવાની માલીકી બાબતે પુછતા તેમજ તેના માલીકીના કાગળો બતાવવા કહેતા પોતે માલીકી બાબતે ગલ્લા તલ્લા કરી કોઇ સંતોષકારક જવાબ આપેલ નહી કે માલીકીના આધાર પુરાવા રજુ કરેલ નહી અને સદર એક્ટીવા બાબતે એકલવ્ય સોફ્ટવેરમાં ચેક કરતા સદર એક્ટીવા ગાડીનો એંજીન નંબર.JF50EU8064980 તથા ચેચીસ નંબર ME4JF50BFJU064945 નો છે.જેની કિ.રૂ.૪૫૦૦૦/- ના મુદામાલ સાથે શકમંદ હાલતમા ઝડપી CRPC કલમ ૪૧(૧)(ડી) હેઠળ પકડી પાડી CRPC ૧૦૨ મુજબ ઉપરોક્ત એક્ટીવા કબ્જે કરી કાયદેસરની કાર્યવાહી કરવામા આવેલ છે.

મજકુર આરોપીના ગુનાહિત ઈતિહાસ બાબતે ઈ-ગુજકોપ મા ખાત્રી કરાવતા મજકુર આરોપી અગાઉ બે વર્ષ પહેલા ઈસનપૂર પોલીસ સ્ટેશન તથા કાલુપૂર પોલીસ સ્ટેશન તથા બાપૂનગર પોલીસ સ્ટેશન દરિયાપૂર પોલીસ સ્ટેશન રખિયાલ પોલીસ સ્ટેશનમા વાહન ચોરીનાગુન્હા મા પકડાયેલો હોવાનુ જાણવા મળતા સદરીની જીણવટભરી રીતે તથા કુનેહપૂર્વક પૂછપરછ કરતા હકિકત એવી જાહેર થયેલ કે સદરી આરોપીએ અગાઉ અમદાવાદ શહેરમા અલગ અલગ જગ્યાએથી અલગ અલગ અન્ય ૬ મો.સા./એક્ટીવા ચોરી કરેલ હોવાનુ જાણવા મળેલ જે નીચે મુજબની હકિકત છે.

(૧) એક લાલ કલરની સ્પ્લેન્ડર પ્લસ મો.સા. જેની આગળ પાછળ નંબર લખેલ નથી જેનો એન્જીન નં. HA10EJEHF16708 તથા ચેસીસ નંબર.MBLHA10AMEHF25143 .જેની કિ.રૂ.૧૫૦૦૦/- ગણાય જે મો.સા. ગણેશ વિસર્જન વખતે જમાલપૂર સપ્તરૂષી સ્મશાનની બાજુમા આવેલ ફુટપાથ ઉપરથી ચોરી કરેલ છે જે બાબતે તપાસ કરતા રિવરફ્રંટ ઈસ્ટ પો.સ્ટે. ફસ્ટ ગુ.ર.નં.૩૫/૧૮ ધી ઈ.પી.કો. કલમ ૩૭૯ મુજબથી ફરીયાદ દાખલ થયેલ છે.

(૨) એક લાલ-કાળા કલરનુ હોન્ડા ડ્રીમ યુગા જેનો આગળ પાછળ નંબર નથી જેનો એન્જીન નં. JC58ET3078305 તથા ચેસીસ નં.ME4JC588JDT009521 કિ.રૂ.૨૫૦૦૦/- ગણાય જે મો.સા. મણીનગર એલ.જી હોસ્પીટલ પાસે આવેલ કોર્પોરેશનની ઓફિસ ની બહાર ફૂટપાથ ઉપરથી ચોરી કરેલ છે. જે બાબતે તપાસ કરતા મણિનગર પોલીસ સ્ટેશન ફસ્ટ ગુ.ર.નં. ૧૪૭/૧૮ ધી ઇ.પી.કો. કલમ ૩૭૯ મુજબથી ફરીયાદ દાખલ થયેલ છે.

(૩) એક કાળા કલરનુ એકટીવા નં.GJ 27 CH 1177 જેનો એંજીન નંબર.JF50EU8064980 તથા ચેચીસ નંબર ME4JF50BFJU064945 નો છે.જેની કિ.રૂ.૪૫૦૦૦/- જે મણિનગર દક્ષીણી સોસાયટી પાસેથી ચોરી કરેલ છે જે બાબતે તપાસ કરતા મણિનગર પોલીસ સ્ટેશન ફસ્ટ ૧૪૫/૧૮ ધી ઇ.પી.કો કલમ ૩૭૯ મુજબથી ફરીયાદ દાખલ થયેલ છે.

(૪) એક ગ્રે કલરની એકટીવા જેની આગળ GJ 01 LC 6583 નંબર લખેલ છે જેનો એન્જીન નં. 0054697 તથા ચેસીસ નં.ME4JC445E98055082 કિ.રૂ.૨૦,૦૦૦/- ગણાય.જે એલીસ બ્રિજ થી નહેરુ બ્રિજ તરફ જતા રીવરફ્રન્ટની ફૂટપાથ ઉપરથી ચોરી કરેલ છે જે બાબતે તપાસ કરતા રિવરફ્રંટ ઇસ્ટ પો.સ્ટે. ફસ્ટ. ૩૪/૧૮ ધી ઇ.પી.કો. કલમ ૩૭૯ મુજબથી ફરીયાદ દાખલ થયેલ છે

(૫) એક કાળા કલરની એકટીવા જેની પાછળ GJ 09 AL 2888 નંબર લખેલ છે જેનો એન્જીન નં. JC44E1160738 તથા ચેસીસ નં.ME4JC448AB8049815 કિ.રૂ.૨૦,૦૦૦/- ગણાય.જે એકટીવા કાંકરીયા ગેટ નંબર :-૭ પાસેથી ચોરી કરેલ છે.જે બાબતે તપાસ કરતા મણિનગર પોલીસ સ્ટેશન ફસ્ટ ગુ.ર.નં. ૧૩૬/૧૮ ધી ઇ.પી.કો. કલમ ૩૭૯ મુજબથી ફરીયાદ દાખલ થયેલ છે.

(૬) એક રેડ બ્લેક કલરની સ્પ્લેન્ડર મો.સા. જેની આગળ પાછળ નંબર લખેલ નથી જેનો એન્જીન નં. HA10EREHJ51459 તથા ચેસીસ નંબર વંચાયેલ નથી.જેની કિ.રૂ.૨૦,૦૦૦/- ગણાય.જે મો.સા. દાણીલીમડા બહેરામ પૂરા ચાર માળીયા પાસેથી ચોરી કરેલ છે જે બાબતે તપાસ કરતા દાણીલિમડા પોલીસ સ્ટેશન ફસ્ટ ગુ.ર.નં. ૧૩૦/૧૮ ધી ઇ.પી.કો. કલમ ૩૭૯ મુજબથી ફરીયાદ દાખલ થયેલ છે.

(૭) એક બ્લેક કલરનુ સ્પ્લેન્ડર પ્લસ જેની આગળ પાછળ જોતા નં.GJ 01 FJ 220 જેનો એન્જીન નં. 06K15MO4270 તથા ચેસીસ નં.06K15M04270 કિ.રૂ.૧૫૦૦૦/- ગણાય જે મો.સા. બે ત્રણ મહિના અગાઉ નારોલ સર્કલથી ઇસનપૂર જતા રોડ ઉપર આવેલ બી.આર.ટી.એસ બસ સ્ટેન્ડ સામેથી ચોરી કરેલ છે.



## ખુન ખુનની કોશીશ તથા રાયોટના ગંભીર ગુનો કરવાવાળા આરોપીને પકડી પાડતી નારોલ પોલીસ

મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર તેમજ અધિક પોલીસ કમિ.શ્રી સેકટર-૦૨ સા.શ્રી તેમજ ના.પો.કમિ.શ્રી,ઝોન-૦૬ સા.તેમજ ઇન્ચાર્જ મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી "કે" ડીવીઝન અમદાવાદ શહેરનાઓની સુચના અને માર્ગદર્શન હેઠળ નારોલ પો.સ્ટે.દાખલ થયેલ ફ.ગુ.ર.ન.૧૩૧/૧૮ ઇ.પી.કો.કલમ૩૦૨,૩૦૭,૪૫૨,૩૨૬,૩૨૪,૪૨૭,૧૪૩,૧૪૭,૧૪૮,૧૪૯,૨૯૪(ખ), ૧૨૦ (બી),૫૦૬(૨) તથા જી.પી.એક્ટ કલમ૧૩૫(૧)મુજબના ગુના ના કામના આરોપી આરીફ ઉર્ફે ભૈયા સન/ઓફ ઐયુબભાઇ ગરીબા જાતે રંગરેજ ઉ.વ.૨૭ રહે.બી.આર.ટી.એસ.વર્કશોપની સામે ફૈસલપાર્ક જાકીર મલીકની કરીયાણાની દુકાનના ઉપર ચંડોળા નારોલ રોડ ઇસનપુર અમદાવાદ શહેર મુળ વતન ગામ બેનવાલ તા.જી.કિશનગઢ રાજસ્થાનનાને ઉપરોક્ત ગુનાના કામે તા.૨૬/૧૦/૨૦૧૮ ના કલાક ૧૬/૦૦ વાગે પકડી અટક કરવામાં આવેલ

તેમજ ઉપરોક્ત આરોપી તથા આ ગુનાના વોન્ટેડ આરોપી આરીફ ઉર્ફે ભૈયા સન/ઓફ ઐયુબભાઇ ગરીબા જાતે રંગરેજ ઉ.વ.૨૭ રહે.બી.આર.ટી.એસ.વર્કશોપની સામે ફૈસલપાર્ક જાકીર મલીકની કરીયાણાની દુકાનના ઉપર ચંડોળા નારોલ રોડ ઇસનપુર અમદાવાદ શહેર મુળ વતન ગામ બેનવાલ તા.જી.કિશનગઢ રાજસ્થાન નાને સર્વે.સ્ક્વોડના પો.કો.જીલુભાઇ મેરામભાઇ બ.નં.૫૫૨૧ તથા પો.કો.હરદિપસિંહ વિજયસિંહનાઓનાઓની સંયુકત બાતમી આધારે પો.સ.ઇ.એ.જી.બ્રિદ તથા અ.હે.કો.નેભાભાઇ મેરામણભાઇ તથા કાનાભાઇ સુરાભાઇ તથા ગોવિંદસિંહ દિલિપસિંહ તથા જીતેંદ્રસિંહ લાખુભાનાએ સાથે સદરી આરોપીની વોચમાં રહી પકડી પાડી અત્રે લાવી રજુ કરતા તા:૨૬/૧૦/૨૦૧૮ ના ક.૧૬/૦૦ વાગે પકડી અટક કરેલ છે આ આરોપી ઉપરોક્ત ખુન તેમજ ખુનની કોશીશ તેમજ રાયોટના ગંભીર ગુનાને અંજામ આપનાર કાવતરા ખોર હોય તેને હકીકત આધારે પકડી સારી કામગીરી કરવામાં આવેલ છે.

## જીઆઈડીસી વટવા પોલીસ સ્ટેશન

મે.પોલીસ કમિશ્નર સાહેબ અમદાવાદ શહેર તથા અધિક પોલીસ કમિશ્નર સેક્ટર-૨ સાહેબ નાઓ તરફથી નાસતા ફરતા આરોપીઓને પકડવાની મળેલ સુચના અનુસંધાને તેમજ નાયબ પોલીસ કમિશ્નર ઝોન-૬ સાહેબ તથા મદદનીશ પોલીસ કમિશ્નર 'જે' ડીવીઝન સાહેબ નાઓના માર્ગદર્શન તળે જીઆઈડીસી વટવા પો.સ્ટે પોલીસ ઈન્સ્પેક્ટર ડી.આર.ગોહિલ સાહેબની સુચના અનુસંધાને સર્વેલન્સ પોસઈશ્રી વિરેંદ્રસિંહ.એન.વાઘેલા તથા સ્ટાફના અપોકો ભરતસિંહ ભુપતસિંહ તથા અપોકો વિક્રમસિંહ રણજીતસિંહ તથા વુ.લો.ર મીનાક્ષીબેન જયંતીભાઇ તથા વુ.લો.ર નર્મદાબેન ગોપસિંહ નાઓ સાથે આજરોજ તા:૨૬/૧૦/૧૮ ના જીઆઇડીસી વટવા પો.સ્ટે વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા દરમ્યાન અપોકો ભરતસિંહ ભુપતસિંહ તથા અપોકો વિક્રમસિંહ રણજીતસિંહ નાઓને સંયુક્ત બાતમી હકીકત મળેલ કે અસલાલી પોલીસ સ્ટેશન ફ.ગુ.ર.નં ૨૨૦/૨૦૧૧ ધી ઈપીકો કલમ ૩૯૨,૧૧૪ મુજબના કામની નાસતી ફરતી આરોપણબેન **ભાવનાબેન વા/ઓ સુરેશભાઇ જોષી ઉ.વ. ૫૯ રહે,મ.નં ૨૯૭૬ વિનોબાભાવેનગર, વિંઝોલગામ સામે, સરદાર પટેલ રીંગરોડ પાસે, જીઆઇડીસી વટવા અમદાવાદ શહેર** નાની જીઆઈડીસી વટવા સરસ્વતી ચાર રસ્તા પાસેથી મળી આવતા તેણીને આજરોજ તા:૨૬/૧૦/૧૮ ના ક:૧૪/૩૦ વાગે સીઆરપીસી કલમ ૪૧(૧)(આઈ) મુજબ પકડી અટક કરેલ છે.

# મીલ્કત સબંધી ગુનાઓના આરોપીને પકડી પાડતી મેઘાણીનગર પોલીસ

અધિક પો. કમી. સા.શ્રી સેકટર-૨ સાહેબ તથા ના. પો. કમી. શ્રી ઝોન-૪ સાહેબ તથા મ.પો.કમી.શ્રી “જી” ડીવીઝન સાહેબ અમદાવાદ શહેર નાઓની સુચના તથા સીનીયર પોલીસ ઇન્સપેક્ટર મેઘાણીનગર પો.સ્ટે. નાઓના માર્ગદર્શન હેઠળ સર્વેલન્સ સ્કોડ ના પો.સ.ઈ વી.એસ.સિંધવ તથા તથા મ.સ.ઇ.દિલીપભાઇ ઇશ્વરભાઇ બ.ન.૭૬૨૦ તથા મ.સ.ઇ.દિનેશકુમાર મીઠાલાલ બ.ન. ૭૬૧૧ તથા પો.કો. સંદિપભાઇ મંગાભાઇ બ.ન. ૩૬૮૯ તથા પો.કો.હિતેન્દ્રસિંહ દેવેન્દ્રસિંહ બ.નં.૧૩૧૫૩ તથા એલ.આર. કિરણસિહ ગોપાલસિહ બ.ન. ૧૨૪૩ નાઓ મેઘાણીનગર પો.સ્ટે વિસ્તારમા પેટ્રોલીગમા હતા દરમીયાન પો.કો.હિતેન્દ્રસિંહ દેવેન્દ્રસિંહ બ.નં.૧૩૧૫૩ તથા એલ.આર. કિરણસિહ ગોપાલસિહ નાઓની બાતમી હકીકત આધારે મેઘાણીનગર પો.સ્ટે ફ.ગુ.ર.નં-૮૬/૧૮ ઇપીકો કલમ ૩૫૬,૩૭૯ ૧૧૪ મુજબના કામના આરોપી પ્રવિણ મોહનભાઇ સોલંકી (બાવરી) ઉવ.૨૩ રહે.નહેરુનગર ખોડીયાર માતાના મંદિરની બાજુમાં કુબેરનગર સરદારનગર અમદાવાદ નાને ઉપરોકત ગુનાના કામે તા.૨૫/૧૦/૧૮ ના કલાક ૨૦/૧૦ વાગ્યે પકડી સારી કામગીરી કરેલ છે. તા.૨૬/૧૦/૧૮

નાયબ પોલીસ કમિશનર,<br>
કંટ્રોલરૂમ, અ’વાદ શહેર.<br>
પોલીસ કમિશનર વતી.